# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

## સલામી સવારની..

સરકાર પછાડવા પક્ષોમાં લાગી છે હોળી!
ભડકી છે વાસના દુષ્કર્મોની જાગી છે હોળી!
ઉડી રહ્યો છે રંગ લોકશાહીનો બાગી છે હોળી!
ન્યાય-કાયદા-કોર્ટ-જેલ સળગે દાગી છે હોળી!

## હાઈકુ

સત્તા હોલિકા,
છે ભ્રષ્ટાચાર પ્રૂફ -
પ્રજા પ્રહ્લાદ!
(દાઝે, આવે છે આંચ)

ચૂંટણી હોળી!
કરે ખોટું વહાલ -
પ્રજા લે ખોળે..
(સગળે પાંચ વર્ષ સુધી..)

## ચિંતન

**અજાયુધ્ધ મૃષિશ્રાધ્ધં પ્રભાતે મેઘડમ્બરમ્ ।**
**દંપત્યોઃ કલહશ્ચૈવ પરિણામે ન કિંચન ॥**

'બે બકરાં અંદર અંદર (પગ ઊંચા કરી-માથા ભટકાવી-ભટકાવી ઝગડતા હોય, ઋષિ-સંન્યાસી-ત્યાગી લોકો શ્રાધ્ધ તર્પણ કરે, સવારના મેઘ-વાદળાંનો આળંગ કે ગર્જના થાય, પતિ-પત્ની કોઇ નાની-મોટી બાબત માટે અંદરોઅંદર બોલાચારીથી ઝગડતાં હોય, પણ અંતે એ બધાંનો પરિણામ શૂન્ય હોય છે - એનું કોઇ 'ફળ' આવતું નથી.

ઘણીવાર કેટલીક ચર્ચા - વાદ-વિવાદ નિરર્થક અને પરિણામ વિનાનાં હોય છે કેટલાક લોકોને વિષય વગર વાત કરવાની ટેવ હોય છે કારણ વિના દલીલો કરતા હોય છે. દા.ત. ટ્રેનમાં અજાણ્યા મુસાફરો ચૂંટણી પહેલાંની ચર્ચા કરતા હોય કોણ-સારૂં, કોણ ખરાબ, કોણ જીતશે - એ બધું નિરર્થક હોય છે. માત્ર સમય પસાર થાય, એનું કોઇ નક્કર પરિણામ ન હોય!

અહીં એવાં કેટલાક દૃષ્ટાંત છે.

બે બકરાં અંદરઅંદર ઝગડે - માથાં ભટકાવે - પણ થોડી જ ક્ષણો પછી એક ડાળ પરથી સંપીને ચરવા લાગે.

ઋષિ-સાધુ-સન્યાસી એ સંસાર સાથે ના બધા જ સંબંધોનો ત્યાગ કર્યો હોય છે હવે તેનાં મનમાં પણ કોઇ સંબંધ 'જીવંત' હોતો નથી. આમ છતાં આવા સન્યાસી યાદ કરીને પોતાના પિતૃનું શ્રાધ્ધ-તર્પણ કરે એનો કોઇ જ અર્થ જ નથી. પ્રાકૃતિક રીતે સવારના વાદળ અને વીજ ગર્જના ફળદાયી હોતાં નથી. પતિ-પત્ની કોઇ મુદ્દે બોલ-ચાલ થાય, ઝગડે, પણ દિવસનાં અંતે તો બધું ભૂલાઇ જ જાય.

## સુવિચાર

- દુ:ખની એક ક્ષણ, એક યુગ બરાબર હોય છે - **શેક્સપિયર**
- દુ:ખ એક પ્રકારનો ચેપી રોગ છે, તમારૂં વીલું મોઢું અને ઉદાસ શબ્દો તમારી આસપાસના લોકોનો ઉલ્લાસ પણ ઓછો કરે છે - **વિવેકાનંદ**
- દુ:ખદ પરિસ્થિતિમાં, સુખ નો સમય-સુખદ પરિસ્થિતિને યાદ કરી વધારે દુ:ખી થવું એ ઘાવ પર મીઠું ભભરાવા જેવું છે - **દાંતે**
- જગતના બધાં જ દુ:ખો ક્ષણિક જ હોય છે કોઇ સુખદ પરિસ્થિતિ કાયમ રહેતી નથી - **જેમ્સ એલન**
- જે માણસ પાસે, પોતે સુખી છે કે દુખી એવું વિચારવાનો સમય હોય એ જ માટે ભાગે દુખી હોય છે - **અનામી**
- ઉદ્યમી અને પ્રવૃત્ત વ્યક્તિ પાસે અશ્રુ સારવાનો પણ સમય હોતો નથી - **બાયરન**
- દુખદ પરિસ્થિતિ જ તમને, તમારાં નિકટનાં નો સાચો પરિચય કરાવે છે, અમૂલ્ય અનુભવ આપે છે, હિંમત અને ધીરજ આપે છે - **એસ. ભટાચાર્ય**

## બોધ કથા

આજકાલ શેઠ-નોકર, કર્મચારી, સંસ્થા સાથે વફાદારી જેવું રહ્યું જ નથી, થોડાંક ફદિયાં વધારે મળે તો 'રાખ તારી નોકરી' કરી વિરોધી વિચાર શ્રેણી ધરાવતા દુશ્મન સાથે પણ જોડાઇ જાય - એટલે તો સૈન્યમાં અધિકારીઓ પણ કમીશન ખાતા થયા છે. જૂના સમયમાં માથા સાટે પણ રાજા અને રાજયની વફાદારી હતી.

ભાવનગરના રાજા ભાવસિંહ સ્વર્ગે સિધાવ્યા. તેમનાં કુંવર નાના - સગીરવયના હતા. પણ મૃત્યુ પહેલાં દિવાન પ્રભાશંકર પટ્ટણીને રાજવીએ કુંવરના ઉછેર અને રાજયનો કારભાર સંભાળવાની જવાબાદારી સોંપી હતી. પ્રભાશંકર પટ્ટણી સત્યનિષ્ઠ અને રાજયને વફાદાર-વિશ્વાસુ દિવાન હતા. વહીવટી કુશળતા અને કાબેલિયત તો હતાં જ..

અંગ્રેજ સરકારના વાઇસરોયે પ્રભાશંકરની હોંશિયારી પરખી લીધી અને કાશ્મીર રાજયનાં ગવર્નર બનાવવાની ઓફર કરી. મોટા હોદ્દો અને પગાર, અઢળક સત્તા - અંગ્રેજ સરકારને એમ કે તરત ઓફર સ્વીકારી લેશે.

પરંતુ પ્રભાશંકર પટ્ટણીએ કહ્યું - રાજવી પ્રજાનું હિત અને સંતાનની જવાબદારી મને સોંપીને ગયા છે. જો હું સત્તા અને ધનનાં લોભમાં પડું તો ન-ગુણો એ બેઇમાન ગણાઉં. હું એવો સ્વાર્થી થઇ ન શકું.

# હિરણ્યકશ્યપ, હોલિકા અને પ્રહ્લાદથી કથા સાથે સંકળાયેલ આ ઉત્સવ દાનવીવૃત્તિ ઉપર દેવી શક્તિના, અહંકાર ઉપર નમ્રતાના, અસત્ય ઉપર સત્યના અને કુસંસ્કારો ઉપર સંસ્કારોનાં ભવ્ય વિજયનું પ્રતિક છે

## હોળી - પ્રાસંગિક

- વાઘેલા હરકિશનસિંહ મહેન્દ્રસિંહ

આપણા ભારત વર્ષમા અસંખ્યાત તહેવારો ધામધૂમથી ઉજવાતા રહે છે તેમ કચ્છમાં ચેટચાંદ અષાઢી બીજ, કેરળમાં પોંગોલ, મહારાષ્ટ્રમાં ગણેશોત્સવ તેમ રાજસ્થાનમાં હોળી ધૂળેટીનો તહેવાર વિશિષ્ટ રીતે ઉજવાય છે.



સંત કવિઓએ હોળીનાં તહેવારને વસંતોત્સવ અથવા રંગોનાં ઉત્સવ તરીકે બિરદાવ્યો છે. હિરણ્યકશ્યપ હોલિકા એ પ્રહ્લાદનો પ્રસંગ આ ઉત્સવ સાથે સંકળાયેલો છે તેથી હોળીને શક્તિ સાથે ભક્તિના વિજયનું પર્વ માનવામાં આવે છે. ફાગણ એ ઋતુનો અંત અને વસંતઋતુનો પ્રારંભ એટલે કે, આ બંને ઋતુઓનાં સંધિકાળમાં હોળી ઉત્સવ ઉજવાય છે. આ ઉત્સવ નવા પાકનો આનંદ ઉત્સવ છે. ખેતરો અને ખળા નવા ધાન્યથી છલકાઇ ઊઠે છે.

બરસાગી વસંતઋતુમાં આવતા હોળીના આ તહેવારમાં પ્રકૃતિ એ પ્રત્યેક વ્યક્તિમાં રોમાંચ ભર્યો ઉલ્લાસ છવાઇ જાય છે. કોઇને કશાંય બંધન હોતા નથી. સૌને દોડવાની, ભેટવાની, ધીંગામસ્તી કરવાની, મુક્ત કંઠે ગાવાની, ચિચિયારીઓ પાડવાની, નાચવાની આઝાદી મળી જાય છે. આનંદ ઉમળકોને ધબકાર સૌના સરખા હોય છે, પરંતુ આનંદમાં ઉતિરેકમાં અભદ્રતાનું પ્રદર્શન ન થાય અને પવિત્ર ઉત્સવની મર્યાદા જળવાય એ જરૂરી છે. કેટલાંક તત્વોને કારણે મા જગદંબાની ઉપાસનાનો પવિત્ર નવરાત્રી તહેવાર તો દૂષિત અને બદનામ થઇ ચૂક્યો છે.



હોળીના તહેવારમાં ધાણી, ચણા, મમરા અને ખજૂર ખાવાની પરંપરા ચાલી આવે છે. આ તમામ ખાદ્યો હલકાં અને કફનાશક છે. એના આ ગુણધર્મોને કારણે આ ચારે ખાદ્યોના સેવન કરવા પાછળનો મુખ્ય હેતુ વસંતઋતુમાં તથા કફને શાંત કરવાનો છે. આ દૃષ્ટિએ જોતાં હોળી સમયના આ રિવાજને સ્વાસ્થ્યવર્ધક પણ ગણવો જોઇએ.

ધૂળેટીના દિવસે સમગ્ર રાજય રંગબેરંગી રંગે રંગાયું હોય છે. લોકો એકબીજા પર અબીલગુલાલ ઉડાડીને પ્રેમપૂર્વક ધૂળેટી પર્વની ઉજવણી કરે છે. આ દિવસે મંદિરોમાં રંગોત્સવની ઉજવણી થાય છે. પ્રમુખસ્વામી મહારાજના હસ્તે મોટી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તો કેસરિયાં રંગેરંગાય અને કથામૃતનો લાભ લેવા પહોંચી જાય છે.

શહેરોમાં ચાલુ વર્ષે જૈવિક કલરના વેચાણમાં ભારે ઉચાળો આવ્યો છે. વિવિધ કલબોમાં જૈવિક કલરના વેચાણ કેન્દ્ર ખુલ્યાં છે. ઉચ્ચ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ જૈવિક કલરથી જ ધૂળેટી રમે છે. છેલ્લા વર્ષોથી પર્યાવરણવાદીઓએ કેમિકલવાળા કલરના ઉપયોગના વિરોધમાં ઝુંબેશ ઉપાડી છે, ઉત્તરોત્તર આ ઝૂંબેશને ખૂબ સારી સફળતા મળતી રહે છે. શિક્ષિત વર્ગોમાં તો જાણે જૈવિક કલરના ઉપયોગની ફેશન થઇ પડી છે. ભગવાન શ્રીકૃષ્ણ જે કુદરતી રંગોથી હોળી રમ્યા હતા તેવા જ રંગો બનાવીને વેચાણમાં મુકવા જોઇએ.

હોળીના દિવસે તો પાણીનો વપરાશ અને બગાડ રંગો ધોવામાં બમણો થઇ જાય છે. આપણે માત્ર શોખ ખાતર રેઇન ડાન્સ પાર્ટી કે કેમિકલ કલર્સથી રમ્યા બાદ જાતને ચોખ્ખી કરવામાં કેટલાયે લીટર પાણીનો બગાડ કરીએ છીએ ત્યારે દેશ અને દુનિયાના એવા ઘણાં વિસ્તારો છે. જયાં લોકોને પીવાનાં પાણીનાં પણ સાંસા છે.

અહંકાર, અસત્ય અને કુસંસ્કારો પર વિજયનું પ્રતિક એટલે હોળી. ભારતીય સંસ્કૃતિમાં હોળી ઉત્સવનો વિશેષ મહિમા છે. હિરણ્યકશ્યપ, હોલિકા અને પ્રહ્લાદથી કથા સાથે સંકળાયેલ આ ઉત્સવ દાનવીવૃત્તિ ઉપર દેવી શક્તિના, અહંકાર ઉપર નમ્રતાના, અસત્ય ઉપર સત્યના અને કુસંસ્કારો ઉપર સંસ્કારોનાં ભવ્ય વિજયનું પ્રતિક છે. ભાવિકો હોળી દર્શન કરીને ધાણી, મમરા, ખજૂર, નારિયેળ, પાણી અર્પણ કર્યા હતા. ઘણાંએ બાળકોને સાથે રાખીને હોળી સમક્ષ પોતાના બાળકના દીર્ઘાયુષ્ય અને રક્ષણ માટેની પ્રાર્થના કરે છે.

હોળીનું સ્થૂળ પાસું આપણાં સ્વાસ્થ્ય સાથે જોડાયેલું છે. વસંતઋતુના પ્રારંભે હવામાન દૂષિત બેકટેરિયાથી વ્યાપ્ત અને પ્રભાવિત હોય છે. શરદી - ખાંસીનું આક્રમણ ચાલુ હોય છે. ત્યારે દૂષિત બેકટેરિયાને બાળીને દૂર કરવા જરૂરી હોય છે. છાણાં હોળીમાં નાખવાથી રેડિયેશન થાય છે. હોળીમાં કાર્બન મોનોકસાઇટ પેદા થતો નથી અને વાયરસનો નાશ ખૂબ મોટા પાયે કરવાની આપણા પૂર્વજોની યોજના આશ્ચર્ય પમાડે તેવી છે.

આપણે ત્યાં કહેવત છે કે બાર ગાઉએ બોલી બદલાય અને આવું જ કંઇક આપણે ત્યાં ઉજવાતા તહેવારો માટે પણ છે, પરંતુ પોતાની અંગત દુનિયાને જ પોતાની અસલી દુનિયા સમજી જીવતા આપણે કયારેય પણ આપણી આસપાસ રંગીન દુનિયાના અસલી રંગોનો અનુભવ કરી શકતા નથી.

# કહેવાય છે કે જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ, જેવું મનમાં વિચારતા હોઈએ તેવું જ દેખાતું કે સંભળાતું હોય છે

## 'હથોડી અને ટાંકણું'

- હર્ષદરાય ઉપાધ્યાય

### ડર

"જીવનમેં તું ડરતા નહીં, સર નીચા કભી કર કરનાં નહીં,
આંધી તુફાં સે ગભરા નહીં, હિંમતવાલે કો મરના નહીં."

મશહૂર ફિલ્મી પંક્તિ સાથે એક પ્રસંગ મનપટલ ઉપર ઉભરી રહ્યો છે. જીવનમાં એક જગાએ "ડરના મના હૈ અને હિંમતથી રહેવાનું"ની ફિલોસોફી સૌ કોઇ વ્યક્તિ કરતા હોય છે, અને વાત પણ બિલકુલ યોગ્ય જ છે. આપણે સૌ નીડર રહેવાનો ડોળ અથવા બાહ્ય દેખાવ કરતાં જ હોઇએ છીએ. કદાચ કોઇ સાચે જ હિંમતવાન હશે પણ ખરૂં પરંતુ તમે તમારા આત્માની વાત સાંભળો તો જરૂરથી લાગશે કે કશાકનો ડર તો સતાવેજ છે. દરેક વ્યક્તિને કોઇ ને કોઇ નો ડર લાગતો જ હોય છે; કોને શેનો ડર લાગે છે તે વ્યક્તિએ વ્યક્તિએ અલગ અલગ હોય છે પરંતુ ડર લાગતો તો હોય જ છે. ભૂત-પ્રેતથી ન ગભરાતા માણસો નાનકડા વંદાથી ડરતા હોય છે. સમાજમાં જેમનો મોભો હોય, સત્તા હોય તેવા વ્યક્તિથી સૌ ડરતા હોય છે પરંતુ તે વ્યક્તિ પોતે સામાન્ય જણાતી વ્યક્તિથી ડરતી હોય તેવું પણ બને. પણ ડરની વાસ્તવિકતા કરતાં ડરના વિચારો જ ડરામણા હોય છે. વ્યક્તિ જેનાથી ડરતો હોય તેનો જ તેને સતત ભાસ થયા કરતો હોય છે. એક પ્રસંગ યાદ આવે છે.


એક કોલોની - વસાહતમાં અસંખ્ય મકાનોની હારમાળા હતી. સુંદર રસ્તા અને મકાનોની બાંધણી હતી. તે વસાહતમાં એક જમાદાર રહેતા હતા. હવે આ જમાદારે એક વખત એક આખલાને દંડા માર્યા હતા અને વળતો આખતો તેમની સામે થઇ ગયો હતો ત્યારથી તે આ આખલાથી ગભરાતા હતા. વળી કોઇકે કહ્યું પણ ખરૂં કે આખલો વેર લેતો હોય છે; બસ બળતામાં ઘી હોમવા જેવું થયું.

એક રાત્રે મોડા ડ્યુટી પુરી થતાં મધરાત બાદ આ જમાદાર ઘેર આવવા નીકળ્યા. કોલોનીમાં આવતાં તેમનો અચાનક આખલાની યાદ આવી. નથી ને કયાંક પાછળ પડે તો રાત્રે કોણ બચાવે? અને થયું પણ એવું જ. તેમની ઘરની ગલીના નાકે તે પહોંચ્યા અને ઝાંખા પ્રકાશમાં તેમનાં જ ઘર આગળ આ આખલો હતો. જમાદાર તો ગભરાયા. ઘેર જવું કેવી રીતે? બિચારા જમાદાર આમ તેમ થોડું ફરી રખડી થોડી વારે આવ્યા પણ હજી આખલો ત્યાંનો ત્યાં. શું કરવું? કોઇકને ઉઠાડવા જતાં આ "ડર" જાહેર થાય તો? આમને આમ કરતાં સવારનાં પાંચ વાગ્યા. હજુ આખલો ત્યાં જ ઊભો હતો. તેનાં શિંગડાં જોતાં તેમને પરસેવો વળી જતો. આખરે સવાર થઇ. અજવાળું થયું. જમાદારે જોયું તો તે પોતે વિસ્મય અને શરમીંદા થઇ ગયા. કારણ કે વાસ્તવમાં ત્યાં આખલો હતો જ નહીં. પરંતુ પડોશી ભાઇનું બાઇક હતું અને તેના ઉપર કવર ઢાંકેલું હતું. બે મીરરને લીધે કવરમાં જાણે બે શિંગડાં લાગતાં હતા. આમ ઢાંકેલા બાઇકમાં તેમને આખલો દંખાયો. કદાચ આ તેમનાં મનનો ડર હતો માટે આવું થયું. જો ડર ન હોત તો આમ બનવાની સંભાવના જ ન હતી.

આપણે સૌ આવા જ કાલ્પનિક ભયનાં ઓછાયા હેઠળ જીવતા હોઇએ છીએ. અને જે નથી તે નજર સમક્ષ દેખાય છે. આકાશમાં વાદળોમાં મનની કલ્પના મુજબનાં ચિત્રો શું નથી દેખાતાં? ચોમાસામાં અર્ધભીની ભીંતો ઉપર વિચિત આકારો નથી સર્જાતા?

કહેવાય છે કે જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. જેવું મનમાં વિચારતા હોઇએ તેવું જ દેખાતું કે સંભળાતું હોય છે. શાંત રાત્રિમાં પાણીનો ટીપાંનો અવાડ અથવા કયાંક સહેજ હલવાની, બારી - બારણાની ખખડવાની કે પડછાયાની અંદર મનના ડરને બંધબેસતું સંભળાય કે દેખાય છે. આવા કાલ્પનિક ભયથી વાસ્તવિકતા જોજન દૂર હોય છે ત્યારે વર્તમાન અને ભવિષ્યને નુકશાન પહોંચાડનાર આવા ખોટા ભયને ખંખેરતાં શીખવાની જરૂર છે. નિર્ભયતા મનમાં જ ઉત્પન્ન કરવા જેવી છે. જેનાં ઉપર શ્રધ્ધા હોય તેને બળ બનાવી આવા મનના નિર્બળ વિચારો ઉપર વિજય મેળવવા પ્રયત્ન કરો. અને ચમત્કારીક પરિણામ પ્રાપ્ત કરી જુઓ.

## હોળીનું ગીત



હોળી રમવાને મારો સાયબો આવશે, ને લાવશે ઈ કઈક નવા રંગ,
ડેલી એ રાહ જોતી નેજવું કરીને હું તો ભાન ભૂલી રમવાનો સંગ!
પાદરેથી આવતા જોઈને એમને, ગાંડીઘેલી તે એવી થઈ,
છાતીમાં સંઘરેલી રમવાની ઈચ્છાની ધીરજ તો આજ ખૂટી ગઈ!
મીઠી કંપન મુને ચુમતી ગઈ લે, આખે આખોય મારો અંગ!
... હોળી રમવાને.
કોરાચટ્ટાક રંગો સાયબાને છાંટ્યા ત્યાં દૂનિયા તો સાવ મારી ગઈ,
વરસો ના તપ જાણે સામટા તૂટ્યા પછી શાન-ભાન સાવ મારી ગઈ!
ભાનમાં આવ્યા પછી હૈયાની ધડકનમાં સાંભળ્યા મેં મીટા મોરચંગ!
... હોળી રમવાને.
પરદેશથી આવ્યો ને પાછો ઈ જાશે; રોકું તો કેમ કરી રોકું?
પેટનો સવાલ છે આ, ભમરાડી ભૂખને હું ટોકું તે કેટલું હું ટોકું?
દહાડા વિયોગના જાશે વીતી આમ, મારે, જિંદગીનો જંગ
... હોળી રમવાને.

- જગદીશ ગોળ 'શરમાળ'

## ગઝલ

પ્રેમના રંગો કદી મળતા નથી દુકાનમાં,
જેમ કેસુડા નથી ખીલતા કોઈ ઉદ્યાનમાં,
રંગના છાંટા ઉડ્યા ને સૂર્ય કાળો થૈ ગયો,
એવું લાગે હાલ આવ્યો છે જઈ સ્મશાનમાં.
ચાંદ ઉપરથી વિચારે રસની ગંગા ઢોળવા
એક શિશુ કયાં રમે છે ઘાસનાં મેદાનમાં
આથ તારા હાથ ચૂમી એક મીઠું હું ભરૂં,
બીજું તો શું દઈ શકું આજે તમોને કાનમાં?
કોઈ કોકિલા કુંજે ને આપ અમને સાંભળો
એ પછી પડઘા પડે છે છાતીનાં વેરાનમાં.
એક ચપટી રંગની તમને મળે તો લાવજો
પ્રેમની હોળી રમીશું સામસામા ગાલમાં.
હું ફૂલોની આશ લઈને આટલે આવ્યો સખી,
તુ સુગંધી થઈ મને વીંટળાઈ જાને તાનમાં!

- રણછોડ વી. પરમાર

# રવજીભાઇમાં કંઇક કરવાના, મેળવવાના ઘોડા થનગની રહ્યાં છે, આત્મા પાંખ વીંઝી રહ્યો છે, અણ દીઠેલી ભોમ ઉપર તેમનું યૌવન આંખ માંડી રહ્યું છે

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

જીવનની ફળશ્રુતિ પ્રગટ કરતાં રવજીભાઇ ગાબાણી કહે છે કે, "મેં જીવનમાં જે સ્વપ્નો જોયા. તે સફળ થયાં છે. મને સંતોષ છે." પિતા નરશીભાઇ અને માતા અંજુબહેનના આ સપૂત જન્મ્યા છે, વલભીપુર તાલુકાના પીપરીયા ગામે તા. ૦૧-૦૨-૧૯૭૨ના રોજ. પરિવારમાં કોઇ પણ મોટા હોદ્દા પર નથી, શિક્ષિત નથી. પણ રવજીભાઇ અભાવની વચ્ચે ખીલ્યા છે, ખીલ્યા કરે છે.

એકવાર સગા-સંબંધી બેઠાં હતા. સવજીભાઇના પિતાએ પોતાનો અફસોસ વ્યક્ત કરેલો : "રવજીને ભણાવવા જમીનનો ટુકડો વેંચી દીધો હોત તો કેવું સારૂં થાત!" પણ રવજી તો સમજુ, બાળપણમાં કયારેક માતા-પિતાને મુંઝવ્યાં નથી. ખબર હતી કે, હું કાંઇ માંગીશ તો પરિસ્થિતિને વશ માતા-પિતા મને નહીં અપાવી શકે, એટલે કાંઇ ન માંગવાનું યોગ્ય સમજનાર આ સમજુ સંતાન ને અભિનંદન છે.

લોકભારતીમાં શિક્ષણ, કેળવણી આત્મસાત કરનાર રવજીભાઇએ કવિ મેઘાણી અને બોટાદકરની ભૂમિ બોટાદમાં શિક્ષકનાં વ્યવસાયમાં પગરણ માંડી આચાર્યપદ મેળવી બે દાયકા સુધી શિક્ષણ સાધના કરી હતી. ગાંધીજીના વાકયથી વાત માંડીએ.

"સત્યને માપવાનો ગજ કયારેય ટૂંકો ન બનો." પોતાના ને ન્યાય મળે તે માટે ગુજરાત સરકાર સામે સાચો સંઘર્ષ કરી ગુજરાત સેવા આયોગની સીધી ભરતીની પરીક્ષા પાસ કર્યા. પછી હાલ અમદાવાદ જિલ્લાના બરવાળા ગામના તાલુકા વિકાસ અધિકારી પદે કાર્યરત છે.

ઘટમાં ઘોડાનો થનગનાટ લઈ શિક્ષક, શબ્દસાધક... બન્યાં મામલતદાર શ્રી રવજી ગાબાણી



સરકારી અધિકારી તરીકે ફરજ બજાવતા આ યુવાનનો જીવ સર્જક શિક્ષકનો જ છે. "લાભુ ગાંડો" નામની હૃદયસ્પર્શી રચના તળની પશ્ચાદભૂમિ પર આલેખાયેલી છે. લઘુકથાઓનું પ્રકટીકરણ સામયિકોમાં અને આકાશવાણી રાજકોટ કેન્દ્ર ઉપરથી થયા કરે તે બાબતે સર્જક જાગૃત છે.

શ્રી રવજીભાઇમાં કંઇક કરવાના, મેળવવાના ઘોડા થનગની રહ્યાં છે. આત્મા પાંખ વીંઝી રહ્યો છે. અણ દીઠેલી ભોમ ઉપર તેમનું યૌવન આંખ માંડી રહ્યું છે.

બાળકો પ્રત્યેની સંવેદના અને બાળ સાહિત્ય પ્રત્યેનો લગાવ, બાળ સામયિક 'બાલ વિચાર'માં સુપેરે જોવા મળે છે. બાળકને બે ટંક ભોજન સાથે બે ટંક વિચાર આપવાનો પ્રયાસ કરતાં એમનાં "બાલ વિચાર" નામનાં બાળ સામયિક પર ગુજરાતના સર્જકો રીતસર ઓવારી ગયા છે. એક અન્ય સાહિત્યિક મેગેઝીન "ધ્વનિ"ના સહમંત્રી પદે કાર્યરત રહીને સાહિત્યના ધ્વનિનો ગુંજતો કરવાની નેમ ધરાવે છે. તેઓ "દર્પણ" ના સંપાદક તરીકે અને "બાળ સમાચાર" ના પરામર્શક તરીકે પણ સેવાઓ આપી રહ્યાં છે.

નવોદિત સર્જકોની સાહિત્યિક પ્રતિભાને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ એટલે સ્થાયેલી "સૌરાષ્ટ્ર સાહિત્ય મંચ" નામની સંસ્થા. નવોદિત લેખકો - કવિઓને પુસ્તક પ્રકાશન માટે આર્થિક સહાય પુરી પાડતી આ સંસ્થાના તેઓ સ્થાપક અને અધ્યક્ષ છે.

વ્યવસાયે શિક્ષક, સેવાકાલીન તાલીમોનાં માસ્ટર ટ્રેઇનર, ઉદ્દ્ઘોષક અને "વાઇબ્રન્ટ નોલેજ કેરિયર એકેડમી" ના ડાયરેકટર તથા ફેકલ્ટી તરીકેની અનેકવિધ જવાબદારીઓ સફળતાપૂર્વક સંભાળનાર શ્રી રવજીભાઇ ગાબાણીને બાળકાવ્ય સંગ્રહ "ફૂલનો ફોરમ" મેં માણ્યો. મારી પૌત્રી પરી સામે તેમાના બાળ કાવ્યો ગાયા. શ્રી રવજીભાઇને માતાપિતા પાસેથી શું નથી મળ્યું? નીતિ ન છોડવી, સમયે જમી લેવું, પ્રસન્નતાથી રહેવું, સારા, મૃદુભાષી, મનોવૈજ્ઞાનિક તર્ક સમજનાર, નબળા કાર્યક્રમની નબળાઇ ઢાંકી દેનાર, પોતાની વિદ્વતા અને પોતાનું પાંડિત્ય કયારેક પ્રગટ ન કરે તે સફળ સૂત્રધાર, સંચાલક, ઉદ્દ્ઘોષક. પોતાની ઘણી જવાબદારીઓ અને ભૂમિકાઓ વચ્ચે શ્રી રવજીભાઇ બરવાળા તાલુકાના વિકાસમાં રસ લઇ નવી દિશા દેખાડી રહ્યા છે. કોઇની પીઠ થાબડવી એ નાની સૂની વાત નથી. નવોદિત સાહિત્યકારોને પ્લેટફોર્મ પુરૂં પાડવાની પુણ્યકાર્ય આ યુવાન કરી રહ્યાં છે. તે તેમની પરગજુપણાની ભાવનાનાં દર્શન કરાવે છે. "સૌરાષ્ટ્ર સાહિત્ય મંચ" સંસ્થામાં ઉદ્દીપકનું કામ કરનાર શ્રી રવજીભાઇને શુભેચ્છા સાથે કહીએ, "આપને ચારેય દિશાએથી શુભ વિચારો, સમાચારો પ્રાપ્ત થાઓ!" તેમનો મો. નં. છે : ૯૮૯૮૪૪૧૩૭૫